1. ‘AIDS’નું પૂરું નામ જણાવો. (March 18, July 18)

- ‘AIDS' એટલે શરીરે મેળવેલી રોગપ્રતિકારક શક્તિના વિનાશનાં ચિહ્નો. AIDSનો શાબ્દિક અર્થ નીચે પ્રમાણે છે : A : Acquired  Huaci :I: Immune  રોગપ્રતિકારક શક્તિ _D: Deficiency  ઊણપ S: Syndrome  Rica આમ, એઇડ્યું એટલે માનવીના શરીરમાં રોગપ્રતિકારક શક્તિની ઊણપથી થતા અનેક રોગો.

2. નશીલાં દ્રવ્યોનાં વ્યસનનો અર્થ સ્પષ્ટ કરો.

- ‘વિશ્વ આરોગ્ય સંસ્થાના વિદ્વાનોની સમિતિએ આપેલો નશીલાં દ્રવ્યોનાં વ્યસનનો અર્થ આ પ્રમાણે છે : ‘બંધારણ એટલે કોઈક કુદરતી કે કૃત્રિમ નશીલા પદાર્થ કે દ્રવ્ય જેનું વારંવાર સેવન કરવાને લીધે પેદા થતી અમુક નિશ્ચિત સમયગાળાની નશાયુક્ત અવસ્થા કે જે તે વ્યક્તિ અને સમાજ બંને માટે વિધાતક હોય છે. આમાં નશીલા પદાર્થોનું સેવન કરવાની સતત અને અનિવાર્ય જરૂરિયાત, એનું પ્રમાણ વધારવાની વૃત્તિ તથા તે પાથ પર શારીરિક, માનસિક અવલંબન વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

3. એઇડ્રેસ કેવી રીતે ફેલાય છે ? (March 18)

- એઇગ્ન એ એચઆઈવી વાઇરસથી થતો રોગ છે.  એચઆઈવીનો વાઇરસ શરીરની બહાર સરળતાથી નાશ પામે છે, પરંતુ એક વખત તે માનવશરીરમાં પ્રવેશી જાય ત્યારપછી તેનો નાશ કરી શકે એવી કોઈ દવા કે રસીની શોધ હજુ સુધી થઈ નથી. એઇડસના વાઇરસ માનવશરીરમાં કેવી રીતે પ્રવેશે છે તે અંગેની સમાજ ડૉ. પ્રકાશ વૈષ્ણવ અને ડૉ. વ્રજલાલ પટેલે પોતાના ‘એઇડ્રેસ આ યુગનો મહાકાળ’ નામના પુસ્તકમાં આપી છે.  તેમના મત મુજબ એઇડસના વાઇરસ મુખ્યત્વે આ ચાર માધ્યમો દ્વારા વ્યક્તિનાં શરીરમાં પ્રવેશે છે : (1) જાતીય સંબંધ દ્વારા, (2) લોહી દ્વારા, (3) માતા દ્વારા અને (4) જેતુયુક્ત સાધનો દ્વારા.

4. એઇડ્રેસ કેવી રીતે ફેલાતો નથી? (March 18)

- ડૉ. પ્રકાશ વૈષ્ણવ અને ડૉ. વ્રજલાલ પટેલે પોતાના ’એઇડ્રેસ આ યુગનો મહાકાળ’ નામના પુસ્તકમાં એઇસ કેવી રીતે ફેલાતો નથી તેની માહિતી આપી છે, જે નીચે પ્રમાણે છે :  એઇસના દર્દી સાથે હાથ મિલાવવાથી, સાથે ઉઠવાબેસવાથી, સાથે જમવાથી, ભેટવાથી કે ચુંબન કરવાથી એઇટ્સનો ચેપ લાગતો નથી. તળાવ, નદી કે સ્વિમિંગ પુલમાં સાથે સ્નાન કરવાથી એઇટ્સનો ચેપ લાગતો નથી.  એઇસના દર્દીની ખાંસી કે છીકથી એઇડ્રેસનો ફેલાવો થતો નથી.  માખી, મચ્છર કે માંકડ દ્વારા એઇમનો ફેલાવો થતો નથી.  જાહેર શૌચાલયના ઉપયોગથી એઇમનો ફેલાવો થતો નથી.  એઇડ્રેસનો ચેપ લાગેલા દર્દીનાં આંસુ કે પરસેવાથી એઇડ્રેસનો ફેલાવો થતો નથી.